**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
**શ્રી કમલમ્**
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા. ૧૧.૦૪.૨૦૧૯

**આજે દિલ્હીથી ભ્રષ્ટાચારની બદબુ નહીં પણ ઈમાનદારીની ખુશ્બુ આવી રહી છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**દિલ્હીમાં પ્રજાના પૈસાથી ભરાયેલ તિજોરી કોઈ કાળો પંજો લૂંટી ન જાય, ભ્રષ્ટાચાર ન થાય તેની ચિંતા ચોકીદાર બની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી છેલ્લા પાંચ વર્ષથી કરી રહ્યા છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**જેમની નસ-નસમાં ભ્રષ્ટાચાર વહે છે તેવા નેતાઓ આજે મહાગઠબંધનના નામે મિલાવટી સરકાર બનાવવાના સપના જોઇ રહ્યા છે. લાલુ પ્રસાદ ઘાંસચારો ખાઇ ગયા, માયાવતી, અખિલેશ અને મુલાયમસિંહે ઉત્તરપ્રદેશને લૂંટી લીધું, મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળમાં બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી કરાવીને બંગાળને કંગાળ કરી દીધું - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**ખેડૂતોનું દેવું માફ કર્યું તેવા બણગા ફૂંકતી કોંગ્રેસે દસ વર્ષમાં ફક્ત એકવાર ૫૨ હજાર કરોડનું દેવું માફ કર્યું હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ દર વર્ષે ૭૫,૦૦૦ કરોડ રૂપિયા ખેડૂતોને આપવાની કટિબદ્ધતા દર્શાવી છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**ભાજપાનો કાર્યકર્તા ગરમી-ઠંડી-વરસાદની પરવા કર્યા વગર આકરા તડકામાં તપીને તપસ્વી બનીને દેશની ચિંતા કરે છે, ચૂંટણીમાં સૈનિક તરીકે કામગીરી બજાવે છે અને આવા તપસ્વી તેમજ રાષ્ટ્રપ્રેમી કાર્યકર્તાઓની ફોજ ભાજપા પાસે હોવાને કારણે ભાજપાને આ લોકસભા ચૂંટણીમાં કોઈ રોકી શકવાનું નથી - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસ કેરળમાં આતંકવાદીઓના પોસ્ટર લગાવીને ફક્ત વોટબેંકની રાજનીતિ કરવા માટે, એક સમુદાય વિશેષના મત મેળવવા માટે, દેશની એકતા અને અખંડિતતા સાથે ચેડા કરી રહ્યા છે. - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**હુર્રિયતના નેતાઓ જેલની હવા ખાઇ રહ્યા છે. જે.કે.એલ.એફ. પર પ્રતિબંધ મુકાય ચૂક્યો છે. કાશ્મીરમાં આતંકવાદને નાબૂદ કરવા ઝીરો ટોલરન્સની નીતિ સાથે સુરક્ષાબળો દ્વારા “ઓપરેશન ઓલઆઉટ” ચાલી રહ્યું છે.**

-----------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સુરેન્દ્રનગર લોકસભામાં આવતી ધ્રાંગધ્રા વિધાનસભાના હળવદ ખાતે આગામી લોકસભા ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણી અંતર્ગત આયોજિત એક વિશાળ જન સભામાં ઉપસ્થિત રહી સંબોધન કર્યું હતું.

કોંગ્રેસ અને તેના કાર્યકર્તાઓને ચૂંટણીના આગળના દિવસોમાં પડદા પાછળના કાળા ખેલો કરવામાં જ રસ હોય છે. જ્યારે ભાજપના કાર્યકર્તાને હંમેશા લોકોના પ્રશ્નોમાં, દેશની વાતમાં અને રાષ્ટ્રનું હિત શેમાં છે તેમાં રસ હોય છે. ભાજપાનો કાર્યકર્તા ગરમી-ઠંડી-વરસાદની પરવા કર્યા વગર સોનું તપે એટલું શુધ્ધ થાય, તે વાક્યને યથાર્થ કરી તડકામાં તપીને તપસ્વી બનીને દેશની ચિંતા કરે છે, ચૂંટણીમાં સૈનિક તરીકે કામગીરી બજાવે છે અને આવા તપસ્વી તેમજ રાષ્ટ્રપ્રેમી કાર્યકર્તાઓની ફોજ ભાજપા પાસે હોવાને કારણે ભાજપાને આ લોકસભા ચૂંટણીમાં કોઈ રોકી શકવાનું નથી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશની સીમા પર સૈનિક ચોકી કરે છે કે કોઈ ઘૂસણખોરીના કરે. રણની ગરમી હોય કે બરફની ઠંડી હોય, સૈનિક રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના રક્ષણ માટે પોતાની જાનની બાજી લગાવીને તે ખડે પગે ઊભો રહે છે અને બીજી તરફ દિલ્હીમાં પ્રજાના પૈસાથી ભરાયેલ તિજોરી કોઈ કાળો પંજો લૂંટી ન જાય, ભ્રષ્ટાચાર ન થાય તેની ચિંતા ચોકીદાર બની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી છેલ્લા પાંચ વર્ષથી કરી રહ્યા છે. દેશની સેવા માટે, દેશની સુરક્ષા માટે, દેશના વિકાસ માટે, વિશ્વમાં દેશની આગવી ઓળખ ઉભી કરવા માટે, ભ્રષ્ટાચાર મુક્ત ભારત બનાવવા માટે શ્રી નરેન્દ્ર ભાઈ મોદી અથાગ પરિશ્રમ કરી રહ્યા છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




જેમની નસ-નસમાં ભ્રષ્ટાચાર વહે છે તેવા નેતાઓ આજે મહાગઠબંધનના નામે મિલાવટી સરકાર બનાવવાના સપના જોઇ રહ્યા છે. લાલુ પ્રસાદ ઘાંસચારો ખાઇ ગયા, માયાવતી, અખિલેશ અને મુલાયમસિંહે ઉત્તરપ્રદેશને લૂંટી લીધું, મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળમાં બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી કરાવીને બંગાળને કંગાળ કરી દીધું, સોનિયા ગાંધીના રિમોટ કન્ટ્રોલથી ચાલેલી દસ વર્ષની મનમોહનસિંહની સરકારે દેશમાં ભ્રષ્ટાચારની તમામ હદ વટાવી દીધેલી. છેલ્લા પાંચ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં આ બધું બંધ થઇ ગયું તેથી ભ્રષ્ટાચાર કરી પોતાના ખિસ્સા ભરવા ટેવાયેલા નેતાઓના પેટમાં તેલ રેડાયું છે. આજે દિલ્હી થી ભ્રષ્ટાચારની બદબુ નહીં પણ ઈમાનદારીની ખુશ્બુ આવી રહી છે. એક તરફ પ્રખર રાષ્ટ્રવાદી દેશભક્તિ ધરાવતા લોકો છે જ્યારે બીજી તરફ પરિવારવાદ-ભ્રષ્ટાચાર કરવા ટેવાયેલા લોકો છે.

ભૂતકાળમાં દેશના વિવિધ ક્ષેત્રમાં આતંકવાદીઓ દ્વારા મોટાપાયે આતંકવાદી હુમલા કરવામાં આવ્યા પરંતુ હંમેશા કોંગ્રેસની સરકાર આ હુમલાઓના જવાબ આપવા માટે સંપૂર્ણપણે નિષ્ફળ નીવડી. આતંકવાદ સામે કાર્યવાહી કરવાની વાત તો દૂર રહી પણ કોંગ્રેસના નેતાઓ તો અડધી રાતે આતંકવાદીઓને ફાંસીની સજા રોકવાના પ્રયત્નો કરવામાં લાગેલા. દેશ વિરોધી નારા લાગતા હોય ત્યાં કોંગ્રેસના મોટા નેતાઓની હાજરી, કોંગ્રેસના મોટા નેતાઓ દ્વારા પાકિસ્તાનને છાવરનારી કોંગ્રેસ શું આ દેશને સલામત રાખી શકશે? પુલવામાં હુમલા બાદ પ્રધાનમંત્રીશ્રી દેશવાસીઓને કહ્યું હતું, જે આક્રોશ તમારા દિલમાં છે એ જ આક્રોશ મારા દિલમાં છે. હું કોઈને છોડીશ નહીં અને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે કહ્યું તે કરી બતાવ્યું. હુર્રિયતના નેતાઓ જેલની હવા ખાઇ રહ્યા છે. જે.કે.એલ.એફ. પર પ્રતિબંધ મુકાય ચૂક્યો છે. કાશ્મીરમાં આતંકવાદને નાબૂદ કરવા ઝીરો ટોલરન્સની નીતિ સાથે સુરક્ષાબળો દ્વારા "ઓપરેશન ઓલઆઉટ" ચાલી રહ્યું છે. જ્યારે કોંગ્રેસ કેરળમાં આતંકવાદીઓના પોસ્ટર લગાવીને ફક્ત વોટબેંકની રાજનીતિ કરવા માટે, એક સમુદાય વિશેષના મત મેળવવા માટે, દેશની એકતા અને અખંડિતતા સાથે ચેડા કરી રહ્યા છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ખેડૂતલક્ષી અને ગરીબલક્ષી યોજનાઓને જમીન પર લાવી કાર્યરત કરી છે. જનધન યોજના હોય, આયુષ્યમાન ભારત યોજના હોય, ઉજાલા યોજના હોય, ઉજ્જ્વલા યોજના હોય, પ્રધાનમંત્રી આવાસ યોજના હોય કે ઘર ઘર શૌચાલય યોજના હોય આવી અનેક યોજનાઓને કાર્યરત કરીને દેશના ગરીબો તેમજ ખેડૂતો માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસના દ્વાર ખોલ્યા છે. ખેડૂતોનું દેવું માફ કર્યું તેવા બણગા ફૂંકતી કોંગ્રેસે દસ વર્ષમાં ફક્ત એકવાર ૫૨ હજાર કરોડનું દેવું માફ કર્યું હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ દર વર્ષે ૭૫,૦૦૦ કરોડ રૂપિયા ખેડૂતોને આપવાની કટિબદ્ધતા દર્શાવી છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કમળને મત આપી ભાજપાના લોકસભાના ઉમેદવાર ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા અને ધ્રાંગધ્રા વિધાનસભાના પેટાચૂંટણીના ભાજપાના ઉમેદવાર શ્રી પરસોત્તમભાઈ સાબરીયાને વિજય અપાવવા માટે અપીલ કરી હતી. દેશમાં 'મજબૂર' નહી પરંતુ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'મજબૂત' સરકાર બનાવવા માટે કમળનું નિશાન દબાવવા માટે શ્રી રૂપાણીએ આહ્વાન કર્યું હતું.

આ જનસભામાં સુરેન્દ્રનગર લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા, ધ્રાંગધ્રા વિધાનસભા પેટાચૂંટણીના ભાજપા ઉમેદવાર શ્રી પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી આઈ.કે.જાડેજા, પ્રદેશ અગ્રણીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, જિલ્લા સંગઠનના પદાધીકારીઓ અને વિશાળ સંખ્યામાં સમર્થકો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૬ તા. ૧૧.૦૪.૨૦૧૯

-----------

**ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં ભાવનગર લોકસભા વિસ્તારના ભાજપાના ઉમેદવાર શ્રીમતી ડૉ. ભારતીબેન શીયાળના મધ્યસ્થ કાર્યાલયના ઉદ્‌ઘાટન બાદ ભવ્ય રોડ-શો, લોકસંપર્ક યાત્રા યોજાઇ**

-----------

**કોઈપણ મહાસત્તાની સમક્ષ બે પડકાર હોય છે એક આતંકવાદ અને બીજો પ્રદુષણ. આ બન્નેને નાથવાનો દ્રઢ નિર્ધાર શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યો છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**કોંગ્રેસને દેશની ચિંતા નથી માત્ર વોટની જ ચિંતા છે, દેશનું જે થવું હોય તે થાય, કોંગ્રેસને કોઈ જ ફરક પડતો નથી. વિદેશથી ઈમ્પોર્ટ થયેલા નેતાઓ આજે “મોદી હટાવો”ના નારા લગાવી ગુજરાતના પનોતા પુત્ર કે જેની રગ રગમાં રાષ્ટ્રવાદ છે એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીને હટાવવા નીકળ્યા છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**જે લોકોને દેશની સેના અને તેના પરાક્રમો પર વિશ્વાસ ન હોય અને તેના શોર્યની સાબિતી માંગતા હોય, પાકિસ્તાનની ભાષા બોલતા હોય તેવા લોકોને ઓળખી લેવાનો સમય આવી ગયો છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**ગરીબના ભાગ્યનો અન્નનો કોળીયો છીનવી લેનાર કોંગ્રેસને દેશની જનતા ક્યારેય માફ નહી કરે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**કોંગ્રેસને વિકાસમાં નહી પરંતુ ભ્રષ્ટાચારમાં જ રસ છે. જ્યાં જ્યાં કોંગ્રેસ હતી, ત્યાં ત્યાં કોંગ્રેસે ભ્રષ્ટાચાર અને તૃષ્ટિકરણની રાજનીતિ કરી છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**કોંગ્રેસના રાજમાં એકપણ સંરક્ષણ સોદો એવો નથી કે જે શંકાના દાયરામાં ન હોય - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ૧૫-ભાવનગર લોકસભા વિસ્તારના ભાજપાના ઉમેદવાર શ્રીમતી ડૉ. ભારતીબેન શીયાળના ભાવનગર વિધાનસભા વિસ્તારમાં મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યુ હતુ. ત્યારબાદ ભાવનગર વિધાનસભા વિસ્તારના ચિત્રાફૂલાસર વોર્ડ અને બોરતળાવ વોર્ડના મુખ્યમાર્ગો પર લોકસંપર્ક યાત્રા યોજીને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓની હાજરીમાં શ્રી વાઘાણીએ લોકોનું અભિવાદન ઝીલ્યુ હતુ.

લોકસભા પ્રસાર-પ્રચારના શ્રેણીબધ્ધ કાર્યક્રમ અંતર્ગત કાળીયા બીડ ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ વિશાળ જનસભાને સંબોધન કર્યુ હતુ.

શ્રી વાઘાણીએ જનસભાને સંબોધતાં જણાવ્યુ હતુ કે, ગરીબના ભાગ્યનો અન્નનો કોળીયો છીનવી લેનાર કોંગ્રેસને દેશની જનતા ક્યારેય માફ નહી કરે. કોંગ્રેસના રાજમાં એકપણ સંરક્ષણ સોદો એવો નથી કે જે શંકાના દાયરામાં

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




ન હોય. જ્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના સૈન્યને અત્યાધુનિક સાધન-સરંજામથી સુસજ્જ કરી તેઓના મનોબળને સશક્ત બનાવવાનું અને પૂરી સ્વતંત્રતા આપી આતંકવાદ અને નકસલવાદને નાથવા ભગીરથ પ્રયાસ હાથ ધર્યો છે. જે લોકોને દેશની સેના અને તેના પરાક્રમો પર વિશ્વાસ ન હોય અને તેના શોર્યની સાબિતી માંગતા હોય, પાકિસ્તાનની ભાષા બોલતા હોય તેવા લોકોને ઓળખી લેવાનો સમય આવી ગયો છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, હંમેશા પાકિસ્તાની ભાષા બોલતી કોંગ્રેસને ગુજરાત અને દેશની જનતા સારી રીતે ઓળખી ગઈ છે. કોંગ્રેસને વિકાસમાં નહી પરંતુ ભ્રષ્ટાચારમાં જ રસ છે. જ્યાં જ્યાં કોંગ્રેસ હતી, ત્યાં ત્યાં કોંગ્રેસે ભ્રષ્ટાચાર અને તૃષ્ટિકરણની રાજનીતિ કરી છે.

ભાજપા માટે સત્તા હંમેશા સેવાનું સાધન રહ્યું છે, ભાજપા માટે અંતિમ લક્ષ્ય સત્તા નહીં પરંતુ સેવા છે. તમામ સમાજ અને વર્ગોના સર્વાંગી વિકાસ થાય તે દિશામાં નિરંતર પ્રજાકલ્યાણના કાર્યો જ એકમાત્ર ભાજપાનું ધ્યેય છે, જ્યારે કોંગ્રેસના ગાંધી પરિવારને પોતાના અને પોતાના પરિવારના વિકાસમાં જ રસ છે. કોંગ્રેસને જનતાની સુખાકારી સાથે કાંઇ લેવાદેવા નથી તેમ શ્રી વાઘાણીએ જણાવ્યું હતું.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસને દેશની ચિંતા નથી માત્ર વોટની જ ચિંતા છે, દેશનું જે થવું હોય તે થાય, કોંગ્રેસને કોઈ જ ફરક પડતો નથી. વિદેશથી ઈમ્પોર્ટ થયેલા નેતાઓ આજે ગુજરાતના પનોતા પુત્ર અને જેની રગ રગમાં રાષ્ટ્રવાદ છે એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રશ્નો પૂછવા નીકળ્યા છે. આજે સમગ્ર વિશ્વની નજર ભારતની ચૂંટણી પર છે. કોઈપણ મહાસત્તાની સમક્ષ બે પડકાર હોય છે એક આતંકવાદ અને બીજો પ્રદુષણ. આ બન્નેને નાથવાનો દ્રઢ નિર્ધાર શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પુલવામાં હુમલા બાદ તત્કાલ કેબીનેટ મીટીંગ બોલાવી સેનાને ત્વરિત કાર્યવાહીની સ્વતંત્રતા આપી હતી.

ભાવનગર લોકસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ડો.ભારતીબેન શિયાળના સમર્થનમાં યોજાયેલ જનસંપર્ક યાત્રા અને કાળીયાબીડ ખાતેની જાહેરસભામાં મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, પૂર્વ મંત્રીશ્રી મહેન્દ્રભાઇ ત્રિવેદી, શહેર અધ્યક્ષશ્રી સનતભાઈ મોદી, મેયરશ્રી મનહરભાઈ મોરી, મહામંત્રીશ્રીઓ શ્રી મહેશભાઈ રાવલ, શ્રી વનરાજસિંહ ગોહિલ અને શ્રી રાજુભાઇ બાંમભણીયા, સ્ટેન્ડિંગ ચેરમેનશ્રી યુવરાજસિંહ ગોહિલ સહિત શહેર સંગઠનના પદાધિકારીશ્રીઓ, કાઉન્સીલરશ્રીઓ, વોર્ડ પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, વોર્ડ-શક્તિકેન્દ્રના પ્રમુખો, બુથ પ્રમુખ-મહામંત્રીશ્રીઓ સહિત બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ અને શુભેચ્છકો જોડાયા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૭ તા. ૧૧.૦૪.૨૦૧૯

-----------

## આજરોજ ગૃહરાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા ગાંધીનગર લોકસભાના કલોલ વિધાનસભા ક્ષેત્રમાં ચૂંટણી પ્રચાર રાઉન્ડમાં જોડાયા

-----------

ગાંધીનગર લોકસભા મીડિયા સેલની યાદીમાં જણાવે છે કે, આજરોજ ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ કલોલ વિધાનસભા ક્ષેત્રમાં સાંતેજ, મોટી ભોયણ તથા બોરીસણામાં જનસંપર્ક રાઉન્ડમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સર્વે ગ્રામજનોનો સ્વયંભૂ સાથ સહકાર અને ભવ્ય પ્રતિસાદ સાંપડ્યો હતો. ગાંધીનગર લોકસભા બેઠક પર જ્યારે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ સ્વયં ઉમેદવારી કરી રહ્યા હોય ત્યારે સમગ્ર જનતા અને ભાજપા કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ સાથે જ વિકાસના આગમનની હેલીથી ગાંધીનગરની ધરા હરખાઇ છે ત્યારે ગાંધીનગર લોકસભા અંતર્ગતના તમામ વિધાનસભા ક્ષેત્રોમાં મળી રહેલા અપ્રતિમ જનસમર્થનથી શ્રી અમિતભાઈની પ્રચંડ બહુમતીથી જીતના પડઘમ સંભળાય છે.

આ પ્રચાર રાઉન્ડમાં ગાંધીનગર લોકસભાના પ્રભારી શ્રી પૃથ્વીરાજભાઈ પટેલ, લોકસભા ઈન્ચાર્જ શ્રી હર્ષદભાઈ પટેલ, સહ ઈન્ચાર્જ શ્રી આઈ.બી. વાઘેલા, ગાંધીનગર જિલ્લા પ્રમુખ શ્રી નૈલેષભાઈ શાહ, કલોલ વિધાનસભા ઈન્ચાર્જ શ્રી ગોવિંદભાઇ પટેલ, પુર્વ સાંસદ શ્રી જીવાભાઈ પટેલ, પુર્વ ધારાસભ્ય શ્રી અતુલભાઈ પટેલ અને અન્ય કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

અખબારી યાદીમાં જણાવ્યા મુજબ આવતીકાલે તારીખ ૧૨ એપ્રિલ, ૨૦૧૯ના રોજ ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા સવારે ૦૯.૦૦ કલાકે નારદીપુર, સવારે ૧૧.૦૦ કલાકે કલોલ તથા બપોરે ૧૨.૩૦ કલાકે સઈજ ખાતે ભાજપાના ચૂંટણી પ્રચાર રાઉન્ડ યોજશે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૮ તા. ૧૧.૦૪.૨૦૧૯

-----------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે તારીખ ૧૨ એપ્રિલ, ૨૦૧૯ના રોજ કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજી, પ્રભારીશ્રી ઓમ માથુરજી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાજી, કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા ગુજરાતમાં વિવિધ લોકસભા ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર રાઉન્ડ દરમ્યાન જાહેર સભાઓ તથા કાર્યકર્તા સંમેલનોને સંબોધશે.

## કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૨.૦૪.૨૦૧૯ શુક્રવાર | સવારે ૧૧.૦૦ કલાકે | કચ્છ લોકસભાની ગાંધીધામ વિધાનસભા - જાહેર સભા<br>સ્થળ - સિંધુ ભવન હોલ, ગાંધીધામ, જિ. કચ્છ. |
| | સાંજે ૦૪.૦૦ કલાકે | ભાવનગર લોકસભા - જાહેર સભા<br>સ્થળ - યશવંતરાય નાટ્યગૃહ હોલ, ભાવનગર. |
| | સાંજે ૦૫.૩૦ કલાકે | ભાવનગર લોકસભાની બોટાદ વિધાનસભા - જાહેર સભા<br>સ્થળ - વી. પી. બંગલો પાસે, ભાવનગર રોડ, બોટાદ. |

## ગુજરાતના લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમ માથુરજી અને ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાનો સંયુક્ત વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૨.૦૪.૨૦૧૯ શુક્રવાર | બપોરે ૦૩.૦૦ કલાકે | મહેસાણા લોકસભા સીટ - મીટીંગ - મહેસાણા |

## માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૨.૦૪.૨૦૧૯ શુક્રવાર | સવારે ૧૦.૩૦ કલાકે | અમરેલી લોકસભા જાફરાબાદ વિધાનસભા વિસ્તારમાં જનસભા<br>સ્થળ: જી.એસ.સી.એલ. ગ્રાઉન્ડ, ઉના રોડ, વાવડીયા |
| | બપોરે ૦૨.૦૦ કલાકે | અમરેલી લોકસભા ગ્રૂપ મીટીંગ |
| | બપોરે ૪.૩૦ કલાકે | અમરેલી લોકસભા જાહેર સભા સ્થળ - ગાંધી સ્ટેચ્યુ, ખાદી કાર્યાલય, મહુવા. |
| | રાત્રે ૦૮.૩૦ કલાકે | અમદાવાદ-પશ્ચિમ લોકસભા જાહેર સભા<br>સ્થળ - છેલ્લુ બસસ્ટોપ, મેઘાણીનગર, અસારવા. |

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




## ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૨.૦૪.૨૦૧૯<br>શુક્રવાર | સવારે ૦૯.૦૦ કલાકે | **મહેસાણા લોકસભા** જાહેર સભા<br>સ્થળ:માણીધર ગામ, એસ.ટી. બસસ્ટેન્ડ નજીક, બેચરાજી |
| | બપોરે ૦૪.૦૦ કલાકે | **કચ્છ લોકસભા** જાહેર સભા<br>સ્થળ: અધોઇ, ભચાઉ. |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | **કચ્છ લોકસભા** જાહેર સભા<br>સ્થળ - દેના બેંક ચોક, રાપર. |

## માનનીય કેન્દ્રિય મંત્રીશ્રી પરષોત્તમ રૂપાલાજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૨.૦૪.૨૦૧૯<br>શુક્રવાર | સવારે ૧૦.૦૦ કલાકે | પંચમહાલ લોકસભા જાહેર સભા સ્થળ: મોરવા હડફ |
| | સવારે ૧૧.૦૦ કલાકે | દાહોદ લોકસભા જાહેર સભા સ્થળ: ભરતનગર ચોક, ઝાલોદ |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | આણંદ લોકસભા જાહેર સભા સ્થળ: ઇંગ્લીશ મીડીયમ સ્કુલ કેમ્પસ, સોજીત્રા. |
| | સાંજે ૦૭.૩૦ કલાકે | આણંદ લોકસભા જાહેર સભા સ્થળ: કુંજારવ ગામ, ઉમરેઠ |
| | રાત્રે ૦૯.૦૦ કલાકે | આણંદ લોકસભા જાહેરસભા સ્થળ: બેઠક મંદિર, આણંદ શહેર |

## કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૨.૦૪.૨૦૧૯<br>શુક્રવાર | સાંજે ૦૬.૦૦ કલાકે | સુરેન્દ્રનગર લોકસભા ગૃપ મીટીંગ - સુરેન્દ્રનગર |
| | સાંજે ૦૭.૩૦ કલાકે | સુરેન્દ્રનગર લોકસભા ગૃપ મીટીંગ – વઢવાણ |

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ